પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૨૧૧ ૧૧ ઓક્ટોબર, ૨૦૨૨, મંગળવાર; આસો વદ - ૨ પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# યુપી, દિલ્હી, રાજસ્થાનમાં તોફાની વરસાદ

**યૂપીમાં શાળાઓ બંધ : દેશના મોટા ભાગના રાજ્યોમાં ચોમાસાની વાપસી થઈ ચુકી છે પણ જતાં જતાં ચોમાસું લોકોને મુશ્કેલીઓનું પોટલું આપતું જશે : ૧૧ રાજ્યોમાં વરસાદની આગાહી**



નવી દિલ્હી,તા.૧૦

દેશના મોટા ભાગના રાજ્યોમાં ચોમાસાની વાપસી થઈ ચુકી છે. પણ જતાં જતાં ચોમાસું લોકોને મુશ્કેલીઓનું પોટલું આપતું જશે. રાષ્ટ્રીય રાજધાની દિલ્હી, ઉત્તર પ્રદેશ અને રાજસ્થાન સહિત કેટલાય રાજ્યોમાં મૂશળધાર વરસાદ થયો છે. આ જ ક્રમમાં ઉત્તર પ્રદેશમાં કેટલાય જિલ્લામાં સ્કૂલો બંધ કરી દેવામાં આવી છે. તો વળી આજે યૂપીના કેટલાય જિલ્લામાં ભારે વરસાદનું એલર્ટ છે. યૂપીના ઝાંસી, જાલૌન, બાંદા, હમીરપુર, કાનપુરનગર, કાનપુર દેહાત, ઉન્નાવ, હરદોઈ, કન્નૌજ, ઔરૈયા, ઈટાવા, મૈનપુરી જિલ્લામાં ભારે વરસાદ થવાની ચેતવણી જાહેર કરવામાં આવી છે. આ ઉપરાંત ફર્રુખાબાદ, એટા, આગરા, મથુરા, અલીગઢ, ગૌતમ બુદ્ધ નગર, બુલંદશહેર, સંભલ, અમરોહા, હાપુડ, ગાજિયાબાદ અને મેરઠમાં પણ ભારે વરસાદનું એલર્ટ જાહેર કર્યું છે. ભારતીય હવામાન વિભાહે ટ્વિટ કરીને જાણકારી આપી છે કે, આગામી બે દિવસ દરમિયાન ઉત્તરાખંડ, ઉત્તર પ્રદેશ, પશ્ચિમ મધ્ય પ્રદેષ અને પૂર્વી રાજસ્થાનમાં ભારે વરસાદ રહેવાની સંભાવના છે.

● અનુસંધાન પાન-૭ પર

## સપાના સ્થાપક અને પૂર્વ મુખ્યમંત્રી મુલાયમ સિંહ યાદવનું નિધન

**મોદીએ કટોકટી દરમિયાન લોકશાહીના મુખ્ય સૈનિક ગણાવ્યા : સપાના રાષ્ટ્રીય અધ્યક્ષ અખિલેશ યાદવે કહ્યું કે મારા આદરણીય પિતા અને દરેકના નેતા નથી રહ્યા**

નવી દિલ્હી,તા.૧૦

સમાજવાદી પાર્ટીના સંસ્થાપક મુલાયમ સિંહ યાદવનું ૮૨ વર્ષની વયે નિધન થયું છે. તેમણે ગુરુગ્રામની મેદાંતા હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા હતા. મુલાયમ સિંહ છેલ્લા આઠ દિવસથી એટલે કે ૨ ઓક્ટોબરથી હોસ્પિટલમાં સારવાર હેઠળ હતા. ૨ ઓક્ટોબરે તેમની તબિયત



અચાનક બગડતાં તેમને હોસ્પિટલનાં ઁઝમાં ખસેડવામાં આવ્યા હતા. મુલાયમ સિંહના નિધન બાદ સમાજવાદી પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. તેમની બગડતી તબિયતની જાણ થતાં પુત્ર અખિલેશ યાદવ, ભાઈ શિવપાલ યાદવ અને પુત્રવધૂ અપર્ણા યાદવ દિલ્હી જવા રવાના થયા હતા.

● અનુસંધાન પાન-૭ પર

### કાશ્મીરમાં એન્કાઉન્ટરમાં બે આતંકી ઠાર

શ્રીનગર, તા.૧૦

જમ્મુ-કાશ્મીરમાં ગુપ્ત માહિતી અને સૈન્યના ઈનપુટ્સના આધારે સતત એક્રાઉન્ટર કરવામાં આવી રહ્યું છે. મોડી રાત્રે પણ અનંતનાગમાંથી એક્રાઉન્ટરના સમાચાર સામે આવ્યા હતા.

જમ્મુ-કાશ્મીર પોલીસે વહેલી સવારે થયેલા એક્રાઉન્ટરમાં બે આતંકવાદીઓને ઠાર માર્યા હોવાની માહિતી આપી છે.

## ગુજરાતમાં અર્બન નક્સલીઓ પ્રવેશવા પ્રયાસ કરી રહ્યા છે : મોદી

**વડાપ્રધાન મોદીએ આમોદમાં જાહેર સભાને સંબોધન કર્યું : પીએમે બંગાળ, ઝારખંડ, બિહાર, છત્તીસગઢ જેવા નક્સલગ્રસ્ત રાજ્યોનું ઉદાહરણ આપતા એમ પણ કહ્યું હતું કે ત્યાંના આદિવાસીઓની જિંદગી નક્સલવાદે તબાહ કરી દીધી**

આમોદ, તા.૧૦

આમોદમાં આજે જાહેર સભા સંબોધતા પીએમ મોદીએ પોતાના કાર્યકાળમાં ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં થયેલા વિકાસકાર્યો ગણાવતા લોકોને ચેતવતા કહ્યું હતું કે, અર્બન નક્સલીઓ નવા રંગરુપ સાથે ગુજરાતમાં પ્રવેશવાની કોશીશ કરી રહ્યા છે. કોઈનું પણ નામ લીધા વિના પીએમે કહ્યું હતું કે, અર્બન નક્સલોએ વાઘા બદલ્યા છે અને તેઓ ઉત્સાહી, ઉમંગવાળા અને ભોળા જવાનિયાને ભરમાવી રહ્યા છે. પીએમે બંગાળ, ઝારખંડ, બિહાર, છત્તીસગઢ જેવા નક્સલગ્રસ્ત રાજ્યોનું ઉદાહરણ આપતા એમ પણ કહ્યું હતું કે ત્યાંના આદિવાસીઓની જિંદગી

● અનુસંધાન પાન-૭ પર





